ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

## વરસાદના પગલે મગફળી અને મકાઈડોડાનું આગમન



આતુરતાથી રાહ જોવાતી હતી તે મેઘરાજા ગુરુવાર સમી સાંજે વિધિવત રીતે શહેરમાં પધાર્યા હતા. હળવા ઝાપટા સ્વરૂપેના થયેલા વરસાદના પ્રારંભથી જ માટીની મીઠી સોઢમે વાતાવરણને આહલાદ્ક બનાવી દીધું હતું. જેમાં ગરમાગરમ મગફળી અને મકાઈડોડાની મહેક ભળી જતાં પ્રકૃતિપ્રેમીઓ ઘેલમાં આવી ગયા હતા. શહેરમાં ઠેર ઠેર લીલી મગફળી તેમજ મકાઈડોડાના ગરમાગરમ સ્વાદ માટે લારીઓ ઉભી થઈ ગઈ છે. સિઝનની ખાદ્ય વસ્તુઓમાં રીમઝીમ વરસાદે ભીંજાઈને ગરમગરમ મગફળીની જયાફત મિત્રો વચ્ચે લેવાનો જે આનંદ અનુભવાય છે તે અવર્ણનીય હોય છે સાથે ગરમાગરમ મકાઈડોડા અને તેના ઉપર લીંબુ તેમજ મસાલા લગાવી ખાવાની મઝા એ એક અનેરો લ્હાવો હોવાનું લોકો જણાવી રહ્યા છે. એકંદરે વરસાદી વાતાવરણમાંથી આનંદ મેળવવાની એક પણ તક શહેરીજનો ચુકતા નથી જે હાલમાં માર્ગો ઉપર નજરે પડી રહ્યું છે.

# બેંક ખાતા સાથે આધાર લીંક કરવાના બહાને ફ્રોડ કરતી ગેંગ સક્રીય

## એક જ દિવસમાં ગાંધીનગર જિલ્લાની ત્રણ મહિલાઓના ખાતામાંથી એક લાખ ખંખેરી લીધા : ડીઝીટલ ચીટરોથી સાવધાન રહેવા જિલ્લા પોલિસની અપીલ

ગાંધીનગર, તા.૨૩

સરકારના આદેશથી દેશના તમામ બેંક ખાતેદારોએ પોતાના બેંક ખાતા સાથે આધાર કાર્ડ ફરજીયાત લીંક કરાવવા ખાતેદારો સક્રીય છે. આ તકનો પણ ડીઝીટલ સાયબર ચીટરો લાભ લઈને ખાતેદારોના રૂપિયા હડપ કરવાનો મોકો ચુકતા નથી. આધારકાર્ડ લીંક ન કરાવ્યું હોવાથી ખાતું બંધ થઈ જશે તેવી વાતો કરીને વાતોમાં વિશ્વાસ જીતી ફોન પર જ બેંકની તમામ વિગતો લઈને ખાતેદારના ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાના કિસ્સાઓ બહાર આવવા લાગ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ગઈ કાલે એક જ દિવસમાં આવા ત્રણ કિસ્સાઓ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્રણ મહિલા બેંક ખાતેદારોને વાતના સકંજામાં લઈને બેંક ડીટેઈલ્સ મેળવી લઈ એક લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. આ ત્રણેય મહિલા ગઈ કાલે એસપી ઓફીસમાં ફરિયાદ કરવા પહોંચી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૮માં રહેતી નોકરીયાત મહિલાને ફોન કરીને આધારકાર્ડ બેંક ખાતા સાથે લીંક કરવાના બહાના હેઠળ વાતોમાં ઉલઝાવી તેણીના ખાતામાંથી રૂ. ૨૧ હજાર ટ્રાન્સફર કરી લેવાયા હતા તે ઉપરાંત ગઈ કાલે જ કલોલ વડસર વિસ્તારમાં આવેલા એરફોર્સ સ્ટેશનના એક એરફોર્સ ઓફીસરની પત્નિને ફોન કરી સાયબર ડીઝીટલ ચીટરે ૨૦ હજાર રૂપિયા બેંક ખાતામાંથી ઉપાડી લીધા હતા તે ઉપરાંત ચિલોડા ખાતેની એક મહિલા એન્જીનીયરને ફોન કરીને રૂ. ૬૦ હજાર તેણીના બેંક ખાતામાંથી ઉપાડી લીધા હતા. આ ત્રણેય મહિલાઓ એસ.પી. ઓફીસ ફરિયાદ કરવા માટે પહોંચી હતી. જેને પગલે આ બાબતને ગંભીરતાથી લઈ આવા ફોન કોલ્સને રીસ્પોન્સ ન આપવા તથા સાવધાન રહેવા જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે નગરજનોને અપીલ કરી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર મિત્ર વર્તુળ, ગાંધીનગરની માસિક બેઠક, સાંજે ૫.૦૦ કલાકે ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે મળશે. ગાંધીજન 'રમણલાલ શ્રીમાળી ગાંધીજી અને સત્ય' વિષયે વક્તવ્ય આપશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૧ સી બ્લોક નં. ૩૨૧ ખાતે આનંદનો ગરબો યોજાશે.

## સે-૨૩ બ્રહ્મસમાજની જનરલ મીટીંગ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સે-૨૩, શાખાની વર્ષ ૨૦૧૭-૨૦૧૯ માટેની કારોબારી અને હોદ્દેદારો નિમણુંક કરવા માટે સે-૨૩ શાખાની જનરલ મીટીંગ તા. ૨૫ જૂન ૨૦૧૭-રવિવારના રોજ સાંજે ૭.૦૦ વાગે અશોકભાઈ પંડયાના બ્લોકનં. ૧૧૫/૧-છ ટાઈપ ખાતે રાખવામાં આવેલ છે. આ મીટીંગમાં હાજર રહેવા સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ શાખાના પરિવારને અનુરોધ કરવામાં આવે છે અને ૨૫-૬-૧૭ના રોજથી શ્રાવણમાસના શિવ મહિમ્ન પાઠની નોંધણી પણ ચાલુ કરવામાં આવશે જેની નોંધ લેવા પ્રમુખ મુકેશભાઈ શુકલએ અનુરોધ કર્યો છે.

## વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા અષાઢી બીજે કતલખાના બંધ રાખવા માંગ

ગાંધીનગર શહેરમાં અષાઢી બીજ નિમિત્તે વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગ દળ દ્વારા કતલખાના બંધ રાખવા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં અષાઢી બીજે ભવ્ય રથયાત્રા નીકળશે ત્યારે હિન્દુ પરીવારની આસ્થાને ધ્યાને લઈ ને હિન્દુ સમાજની લાગણી ના દુભાય તે માટે ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શહેરના કતલખાના અને માંસ, મચ્છી, ઈંડા વેચતા લારી ગલ્લાઓ બંધ રાખવા માંગ કરવામાં આવી છે તે બાબતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના ગાંધીનગર જિલ્લા સુરક્ષા પ્રમુખ શકિતસિંહ ઝાલા ગાંધીનગર શહેર મંત્રી પ્રજાપતિ ભદ્રેશભાઈ ગાંધીનગર શહેર સહ સંયોજક હર્ષદભાઈ બારોટ ગાંધીનગર શહેર સુરક્ષા પ્રમુખ હાર્દિકભાઈ બારોટ ગાંધીનગર ગ્રામ્ય સહ સંયોજક રણજીતસિંહ ચાવડા દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

# જય પ્રકાશ વિદ્યાલય પાસે ગટર ઉભરાતા વિદ્યાર્થીઓના આરોગ્ય સામે ખતરો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિશાન નગર સ્થિત આવેલ જય પ્રકાશ વિદ્યાલયના ગેટ પાસે છેલ્લા ૭ દિવસથી ગટરોના દુષિત પાણીના કેટલાક સમયથી વિવિધ ઠેકાણે ગટરો ઉભરાવવાના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા તળાવ જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. કિશાનનગરના રહેવાસીઓ પણ પાણીને પગલે આવતી દુર્ગંધથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા વસાહતીઓ રાત્રે સુઈ પણ શકતા નથી તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ શાંતિથી શાળામાં અભ્યાસ કરી શકતા નથી તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરને લેખિત રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ યોગ્ય નિવેડો આવ્યો નથી.




અત્યારે હાલના શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. ત્યારે શાળામાં ઉચ્ચકક્ષાના અધિકારી બાળકોને પ્રવેશ આપવા માટે આવી રહ્યા છે ત્યારે શાળા પાસેની ગંદકી સત્વરે દુર થાય તેવી માંગ જય પ્રકાશ વિદ્યાલયના આચાર્ય દ્વારા કરવામાં આવી છે. જો ખદબદતી ગંદકી વચ્ચે બાળકો અભ્યાસ કરવા મજબુર બન્યા છે. ત્યારે ગંદકીમાંથી પગ મુકીને વસાહતીઓને પસાર થવું પડે છે. ગટરોના ગંદુ પાણી રોજ સવારે વહેતા તળાવ જેવું દશ્ય નજરે પડે છે. શાળામાં અભ્યાસ કરતા ૩૫૦ થી વધુ બાળકોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક ગટરના ઉભરાતા પાણી રોકવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ખાબોચીયા ભરાયા છે. શાળા પરિવારે તંત્ર સમક્ષ અનેકવાર લેખિત રજુઆત કરી છે છતા તંત્રના પેટનું પાણી હાલતું નથી. ત્યારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ભરાતા તળાવ જેવું દશ્ય સર્જાયું શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો માંથુ ઉંચકી રહ્યો છે. ત્યારે શહેરના સોકટર-૨૬ જય પ્રકાશ વિદ્યાલયના ગેટ પાસે છેલ્લા સાત દિવસથી ગટરનું પાણી ઉભરાય છે. ગટરનું ગંદુ પાણી

## સમર્પણ એજયુ. એન્ડ રીસર્ચ સેન્ટરમાં યોગદિનની ઉજવણી






ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. સમર્પણના સંકુલમાં આર્ટસ, સાયન્સ, કોમર્સ અને લૉ કોલેજ કાર્યરત છે. આ ત્રણેય સંસ્થાના સંયુકત ઉપક્રમે યોગદિન ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. યોગ શિક્ષક તરીકે હેમંત વૈષ્ણવ તેમજ કોલેજના વિદ્યાર્થી હાર્દિક દેસાઈએ યોગ કરાવ્યા હતા. કાર્યક્રમમાં સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કાર્યકારી આચાર્ય પ્રા. નિતેન્દ્ર પટેલ તેમજ સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. રીતુ સકસેનાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર બાર એસોસીએશન દ્વારા ડીસ્ટ્રીકટ કોર્ટ ગાંધીનગર ખાતે આજ રોજ પગરવ હોસ્પિટલના સહયોગથી ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં વકીલોએ ચેક અપ કરાવ્યું હતું.

## જીઆઈએસએફએસ યુનિટ દ્વારા યોગ સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નવા સચિવાલય સંકુલ સ્થિત બ્લોક નં. ૫ના ભોંયતળિયે તા.૨૪ જુનને શનિવારના રોજ જીઆઈએસએફએસ યુનિટ દ્વારા વિશ્વ યોગ દિન સપ્તાહની ઉજવણી સવારે ૧૦ કલાકે કરવામાં આવશે. ઉપરાંત જીઆઈએસએફએસના વયનિવૃત્ત થતા કર્મચારીઓના વિદાય સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંસ્થાના કર્મચારીઓને મોટી સંખ્યામાં હાજર રહેવા સલામતી અધિકારી ડી.એમ. પરમાર દ્વારા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. દિલીપ મેવાડા**
**પ્રિન્સિપાલ, સિદ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર**

**ગાંધીનગર ગમે**

શિક્ષણ, સંસ્કૃતિ, સુંદરતા, સાલસતા, સરળતા અને સહૃદયતાને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સેવાભાવી અને કલા-સંસ્કૃતિપ્રેમી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરજનો, સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી અનેકવિધ સેવા, કલા પ્રવૃત્તિઓ ગમે છે. એ સૌને હૃદયથી સલામ.

**નગરને બહેતર બનાવવા**

નગરમાં શિક્ષિત યુવાધન ખૂબ મોટું છે. એનો ઉપયોગ શહેરને અનેક અર્થમાં સમૃદ્ધ બનાવી શકે એમ છે. એ કાર્ય વ્યવસ્થિતપણે અને સંગઠિત રીતે કરવા જેવું છે.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ માટે મારી સહાય શહેરને આપવા માટે હું તત્પર છું.

# ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

કોઈ પણ કામ પુરી ધગશ અને લગનથી કરવામાં આવે તો તેમાં અવશ્ય સફળતા મળે છે, તેવું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી કમલકુમાર દયાનીએ પાટનગરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળા નંબર-૧ ખાતે યોજાયેલ શાળા પ્રવેશોત્સવમાં જણાવ્યું હતું.



સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી કમલકુમાર દયાનીએ શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે શાળામાં યોજાતી તમામ પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ તેવું જણાવી તેનાથી જીવન ઘડતરમાં વિવિધ પ્રવૃત્તિઓ કેટલી ઉપયોગી છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમણે ગામનું કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે જોવાનું કામ માત્ર સરકારનું જ નથી, પણ ગામના વડીલ, શિક્ષકો અને આપણા સૌનું છે. તેમણે શિક્ષકોને કલાસ રૂમમાં અભ્યાસમાં નબળા હોય તેવા બાળકો પર વિશેષ ધ્યાન આપવા પણ જણાવ્યું હતું. બાળકોને નિયમિત શાળામાં જે અભ્યાસ કર્યો હોય તેને ઘરે જઈને અડધો કલાક વાંચન કરવા પણ સલાહ આપી હતી. વાલીઓને બાળકો શાળામાં દિવસ દરમ્યાન શું કર્યું છે, તે પણ અવશ્ય જણાવું જોઈએ.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, આજનો યુગ સ્પર્ધાત્મક યુગ છે, આ યુગમાં પ્રાથમિક શિક્ષણએ પાયાની ભૂમિકા અદા કરે છે. બાળકોને પોતાનું ભવિષ્ય ઉજજ્વલ બનાવવા માટે સારું શિક્ષણ મેળવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ઉપસ્થિત સર્વ ગ્રામજનોને દીકરીઓને શિક્ષણ આપવા નમ્ર અનુરોધ કર્યો હતો. દીકરી શિક્ષિત બનશે તો સમાજમાં શુંશું પરિવર્તન આવશે તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

અગ્ર સચિવ શ્રી કમલકુમાર દયાની અને મહાનુભાવોના હસ્તે ધોરણ-૩ થી ૮ના તેજસ્વી તારલાઓ અને ગામના વયોવૃધ્ધ વડીલ અને પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે શાળા સંકુલમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામની શાળા નંબર-૧ના આચાર્ય શ્રી શર્મિષ્ઠાબેન પટેલ, શાળા નંબર-૨ના આચાર્ય શ્રી માયાબેન પટેલ, શિક્ષણ નિરક્ષક શ્રી હિમાંશુભાઇ પટેલ, સીઆરસી કોઓર્ડિનેરટ શ્રી હર્ષદભાઇ ગજ્જર સહિત વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ૧૮ હજાર જેટલા બિન હથિયારધારી લોક રક્ષકોની ભરતી કરવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં ભરતી કરાયેલા ઉમેદવારોને એક જગ્યાએ તાલીમ આપવી શકય ના હોવાથી વિવિધ સ્થળે તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગરના સેક્ટર-૨૭માં પોલીસ અધિક્ષક કચેરી સંકુલ ખાતે કુલ ૪૧૫ બિન હથિયારધારી લોકરક્ષકોને તાલીમ માટે ફાળવાયા છે. જેમાં અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના લોકરક્ષકોનો સમાવેશ થાય છે. તા. ૧૨મી જૂનથી આ લોકરક્ષકોને પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ આરએસઆઈ ડી.જી. ટુંડિયા દ્વારા સઘન તાલીમ આપવામાં આવી રહી છે.

## જે.એમ. ચૌધરી પ્રા. શાળામાં પર્યાવરણ જાગૃતિ સેમિનાર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૭માં જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે પર્યાવરણ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં બાળકોને ઈન્દ્રોડા પાર્ક ખાતેના ગીર ફાઉન્ડેશનના અધિકારી બી.સી. મેહતાએ પર્યાવરણ જાળવણી માટે શુ કરવુ તે અંગે તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી. તેમણે બાળકોને જન્મદિને ચોકલેટ ભલે ના વહેંચાય પરંતુ એક વૃક્ષ વાવજો તેવી સલાહ આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા મીનાબેન ચૌધરીએ ગ્લોબલ વોર્મિંગ તેમજ પર્યાવરણને થતા નુકશાનના પરિબળો અંગે સમજૂતિ આપી હતી અને વિજ્ઞાન શિક્ષિકા નીતાબેન પટેલે પર્યાવરણ અંગે બાળકોને માહિતગાર કર્યા હતા.

# રામજી મંદિર રથયાત્રા યુવક મંડળ દ્વારા પેથાપુરમાં રથયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૨૩

રામજી મંદિર રથયાત્રા યુવક મંડળ દ્વારા તા. ૨૫-૬-૧૭ના રોજ જગન્નાથજીની રથયાત્રા નીકળશે. આ રથયાત્રા ૧૫ કીમી સુધી ગામમાં અને શેરમાં પરીભ્રમણ કરશે. આ રથયાત્રામાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાશે.

યુવક મંડળના સભ્યો દ્વારા જગન્નાથજીની રથયાત્રા પૂર્વે યુવક મંડળ દ્વારા જગન્નાથજીના રથને શણગાર અને શેરીઓ સુશોભીત કરવામાં આવી છે. રથયાત્રા આતશબાજી સાથે નીકળશે જેમાં યુવક મંડળના પ્રમુખ નટવરલાલ દરજી, જયેશ પરમાર, જીગ્નેશ પરમાર, દરજી પીન્કલ, દરજી ધવલ, સોજા હેતલ, દરજી વિપુલ, પરમાર ચંદ્રકાન્ત, પરમાર હાર્દિક, ચૌહાણ શ્રીકાન્ત, દરજી કૌશિક, દરજી સચિન, દરજી અમિત, લખવારા ગોવિંદ, લખવારા રાધે, ચૌહાણ પ્રિયન્ક, બારોટ જયેશ, ચૌહાણ રૂચિત, ભાવસાર સુનિલ, ભાવસાર લાલભાઈ, પરમાર દર્શન, દરજી પ્રકાશ, ભટ્ટ આશિષ, સુથાર રસિકભાઈ, ભાવસાર મીત વગેરેએ પેથાપુરની રથયાત્રાની કામગીરી સંભાળેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પાલીબેન પુંજાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ગોરધનભાઈ ફુલાભાઈ પરમાર, ઉ.વ. ૮૫